


લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Janie Forest
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
અનુકૂલન : Ruth Klassen

60 વાર્તા 15

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ગુજરાતી

Gujarati






ઈશ્વર ઈચ્છતો હતો કે ગિદીયોન તેના પિતાની જે જૂઠા ઈશ્વરને માને છે તેની વેદીનો નાશ કરે અને તે જગ્યા પર સાચા ઈશ્વરની વેદી બનાવે. જો કે ગિદીયોનને બીક હતી કે તેના નગરના લોકો તેને મારી નાખી શકે છે. છતાંપણ તેણે ઈશ્વરની આજ્ઞા પ્રમાણે કર્યું.



3

ઈશ્વરની તે પણ ઈચ્છા હતી કે ગિદીઓન ભૂંડા મિદ્યાની લોકોની સામે ઈસ્રાએલનું લશ્કર લઈ સામનો કરે. પણ ગિદીઓનને ડર લાગતો હતો. ઈશ્વર તેની સાથે છે તેની ખાતરી કરવા માટે ગિદીઓને ઈશ્વર પાસેથી વિશેષ  નિશાની માંગી. ત્યારબાદ તેણે ઘેટાનું ઉન જમીન પર મૂક્યું.



4



“જો ઝાકળ ફક્ત આ ઊન પર પડે અને બાકીની જમીન કોરી રહેવી જોઈએ.” ગિદીઓને પ્રાર્થના કરી. “ત્યારબાદ હું જાણીશ કે તારા વચન પ્રમાણે તું મારો ઉપયોગ કરીને ઈસ્રાએલને બચાવશે.” સવારે ઉઠીને જ્યારે તેણે જોયું કે જમીન કોરી હતી અને ઊન ઝાકળથી પલડી ગયું હતું.

5

હજુ પણ ગિદીઓનને શંકા હતી. હવે તે ઈચ્છતો હતો કે ઈશ્વર જમીન પર ઝાકળ મોકલે અને ઊન કોરું રાખે. બીજા દિવસે સવારે તેણે જોયું કે જમીન ઝાકળવાળી હતી જ્યારે ઊન કોરું હતું.



6

લોકોનું સૈન્ય લઈને ગિદીઓને શરૂઆત કરી. પણ ઈશ્વરે તેમાંથી ઓછા કરી ફક્ત ૩૦૦ જણને જ લીધા. ઈશ્વર એવું નહોતા ઈચ્છતા કે “મારા પોતાના હાથે, મેં મારો બચાવ કર્યો છે.” ઈશ્વર એકલા જ ઈસ્રાએલના બચાવનાર હતાં.




7

ઈશ્વરને ખબર પડી કે હજુ પણ ગિદીઓન ડરી રહ્યો છે, તેથી ઈશ્વરે ગિદીઓનને એક મિદ્યાની સૈનિક દ્વારા એવા એક વિચિત્ર સ્વપ્નની વાત સાંભળવા દીધી. એ સ્વપ્ન એવું હતું કે રોટલીનો એક ટૂકડો મિદ્યાનીઓના તંબુ સાથે એવી રીતે અફડાયો કે તેમનો તંબુ તૂટીને નાશ પામ્યો.



8

બીજો એક સિપાઈ ડરી ગયો. “આ તો… ગિદીઓનની તલવાર છે…” જ્યારે ગિદીઓને આ સ્વપ્ન તથા તેનો અર્થ સાંભળ્યા ત્યારે તેને ખબર પડી કે ઈશ્વર તેમને જીત આપવા જઈ રહ્યોં છે.



9

ગિદીઓને રાત્રીના હુમલાની યોજના બનાવી. તેણે દરેક સૈનિકને એક રણશિંગડુ તથા ખાલી ઘડા જેમાં મશાલો સળગતી હોય તેવી વસ્તુઓ આપી. તેઓએ મિદ્યાનીઓના સૈન્યને ઘેરી લીધું.



10

ગિદીઓનની શાન પ્રમાણે સૈનિકોએ રણશીંગડુ વગાડ્યું, ઘડાઓ ફોડી નાંખ્યા અને મશાલો સળગાવી. કેટલો બધો અવાજ થઈ રહ્યો! કેટલી બધી ગૂંચવણ ઉભી થઈ! ગભરાયેલા મિદ્યાનીઓ જાગી ઉઠ્યા અને તેઓ ત્યાંથી ભાગી નીકળ્યા.



11

આ મોટા વિજય પછી, ઈસ્રાએલના લોકોએ ગિદીઓનને કહ્યું કે તે તેમની પર રાજ કરે. “હું તમારા પર રાજ્ય નહીં કરું, યહોવા ઈશ્વર તમારા પર રાજ કરશે.” ગિદીઓને જવાબ આપ્યો. તેને ખબર હતી કે લોકો પર ફક્ત ઈશ્વર જ રાજ્ય કરી શકે છે.



12

ગિદયોનનું નાનું સૈન્ય

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

ન્યાયાધિસ ૬-૮

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે, હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે : વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો, જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું. તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.